सत्यमेव जयते

## પલસાણા ના મહે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (જે.જે.આહુજા) સાહેબની કોર્ટમાં....

| | |
|---|---|
| ચુકાદાની તારીખ:– | ૧૦/૦૩/૨૦૨૬ |
| ક્રિમિનલ કેસ ક્રમાંક:– | ૪૩૦/૨૦૧૧ |
| આંક:– | ૯૪ |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક અને પોલીસ સ્ટેશન:– | ૬૯/૨૦૧૦ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન, તા.પલસાણા. |
| ફરિયાદી:– | શ્રી સરકાર (રાજય) |
| ફરિયાદપક્ષે:– | વિદ્ધાન મદદનીશ સરકારી વકીલશ્રી જે.ડી.પટેલ |
| આરોપી:– | (૧) નામ:– પ્રદિપભાઇ ઉર્ફે ગોટી પ્રતાપભાઇ બોલીવાલ<br>ઉંમર:– ૨૪.<br>સરનામું:– કડોદરા પુનમ હોટલ પાછળ જલારામ નગર ,તા.પલસાણા, જિ.સુરત.<br>(૨) નામ:– ભુરસીંગ ગાજીસીંગ રાજપુત<br>ઉંમર:– ૪૧.<br>સરનામું:–બીહુર, તા. રાયપુર, જી. અજમેર (રાજસ્થાન).<br>(૩) નામ:– પુનમસીંગ ભોજસીગ રાજપુત<br>ઉંમર:– ૧૯.<br>સરનામું:– બારલાચોડા, તા.જેવાની, જી.અજમેર(રાજસ્થાન).<br>(૪) નામ:– મેધસીંગ હજારીસીંગ રાજપુત<br>ઉંમર:– ૩૨.<br>સરનામું:–મંડાવર. તા. ભીમ જી. રાજસમદ (રાજસ્થાન) હાલ રહે– કુબેરસીંગ પરસોતમની ચાલમાં અમદાવાદ. |
| બચાવપક્ષે:– | વિદ્ધાન વકીલશ્રી એ.બી. ઢીમ્મર. |

| | |
|---|---|
| ગુનાની તારીખ:– | ૨૪.૦૯.૨૦૧૦ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ:– | ૨૪.૦૯.૨૦૧૦ |

| | |
|---|---|
| આખરી અહેવાલ રજુ થવાની તારીખ:− | ૨૬.૦૯.૨૦૧૧ |
| તહોમતનામું ઘડયાની તારીખ:− | ૨૩.૦૮.૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ:− | ૦૧.૦૩.૨૦૨૪ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:− | ૨૪.૦૨.૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:− | ૧૦.૦૩.૨૦૨૬ |
| આખરી હુકમ:− | નિર્દોષ ઠરાવી છોડી મૂકેલ છે. |

## −:: આરોપીની વિગત ::−

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ−૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|
| ૧. | પ્રદિપભાઇ ઉર્ફે ગોટી પ્રતાપભાઇ બોલીવાલ | ૨૫.૦૯.૨૦૧૦ | ઇ.પી.કો કલમ−૪૦૭,૧૧૪ તથા આવશ્યક ચીજવસ્તુ ધારા ૧૯૮૧ ની કલમ−૩ તથા ૧૯૯૫ ની કલમ−૩,૭,૧૧ મુજબ | નિર્દોષ | − | − |
| ૨. | ભુરસીંગ ગાજીસીંગ રાજપુત | ૨૫.૦૯.૨૦૧૦ | | નિર્દોષ | − | − |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩. | પુનમસીંગ ભોજસીગ રાજપુત | ૨૫.૦૯.૨૦ ૧૦ | " | નિર્દોષ | – | – |
| ૪. | મેઘસીંગ હજારીસીંગ રાજપુત | ૨૫.૦૯.૨૦ ૧૦ | " | નિર્દોષ | – | – |

**–:ચુકાદો:–**

**<u>ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને આરોપી વિરુદ્ધનું તહોમત:–</u>**

**(૧)** હાલના કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,તા.૨૪.૦૯.૨૦૧૦ ના રોજ કલાક.૧૯/૧૫ વાગ્યાના સુમારે મોજે કડોદરા જલારામનગર પુનમ હોટલ પાછળ તહોમતદાર નં.૧ ના કબજામાં એકબીજાની મદદગારીંમાં તહોમતદાર નં.૨,૩,૪ નીઓએ ટેન્કર નં. GJ–18–X–8915 તથા ટેન્કર નં. GJ–18–AT–8254 માં હજીરા ONGC કંપનીમાંથી A.T.F. નો જથ્થો ભરી કંપનીએ મુંબઇ ખાતે પહોચાડવા રવાના કરેલ. જે જવાબદારી સોપેલ. તેઓ રૂટ બદલીને તહોમતદાર નં.૧ ના કબજામાં લાવી ટેન્કરોમાં લોકરોડમાં રોડ કાપી તેમાં બનાવી તેના ઉપર રેડીયમ પટો છુટો કરી શકાય તેવી અંદરમાં બનાવેલ હોય તે અંદરમાંથી ટેન્કરોમાંથી ATF પાઇપ વાટે બેરલોમાં કાઢી પોતાના અંગત લાભ લેવા માટે કંપની સાથે ગુનાહિત વિશ્રાસઘાત કરી તહોમતદાર નં.૧ નાઓએ પોતાના કબજામાં કુલ–૧૪ બેરલોમાં ૨૮૦૦ લીટર ડીઝલનો જથ્થો તથા ૫ કેરબામાં ૧૭૫ લીટર પેટ્રોલનો જથ્થો અધિકૃત પરવાના વગર રાખી કુલ કિ.રૂા.૧૫,૮૮,૨૦૦/– ના મુદામાલ સાથે પકડાઇ જઇ ઇ.પી.કો કલમ–૪૦૭,૧૧૪ તથા આવશ્યક ચીજવસ્તુ ધારા ૧૯૮૧ ની કલમ–૩ તથા ૧૯૯૫ ની કલમ–૩,૭,૧૧ મુજબનો ગુનો કરેલાનો આરોપીઓ વિરુદ્ધ આક્ષેપ છે.

ઉક્ત આક્ષેપ અનુસંધાને સંબંધિત પોલીસ સ્ટેશને એફ.આઈ.આર. નોંધી આરોપીઓની અટક કરી તપાસના અંતે આખરી અહેવાલ રજૂ રાખતા આરોપીઓ વિરુદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપીઓ પૈકી આરોપી નં.૧–પ્રદિપભાઈ ઉર્ફે ગોટી પ્રતાપભાઇ

બોલીવાલનાઓએ અત્રેની અદાલતમાં હાજર થતા તેઓને જરૂરી નકલો પૂરી પાડી ગુના સંબંધે જવાબ આંક–૩૩ થી નોધતા જેમાં તેઓએ ગુનાનો ઈનકાર કરેલ છે.જયારે આરોપી નં. ૨ થી ૪ ની ગેરહાજરીમાં સી.આર.પી.સી. ની કલમ ૨૯૯ મુજબ ફરીયાદ પક્ષનો પુરાવો નોધવામાં આવેલ છે.

**ફરિયાદપક્ષનો પુરાવોઃ–**

**(૨)** ફરિયાદપક્ષે શાહેદ નં.૧ પંચ–જીજાબરાવ યોગરાજ પાટીલને આંક–૩૬ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ આશરે તેરેક વર્ષ અગાઉ તેમના કામથી જતા હતા ત્યારે કડોદરા જી.આઇ.ડી.સી. પોલીસે તેમની એક પંચનામામાં સહી કરાવેલી.પંચનામુ શેનું હતું તેની તેમને ખબર નથી. સદર શાહેદ આંક–૩૭ થી રજૂ પંચનામામાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**(૩)** ફરિયાદપક્ષે શાહેદ નં.૨ પંચ–અરુણભાઇ દગડુભાઈ માળીને આંક–૩૮ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ આશરે તેરેક વર્ષ અગાઉ તેમના કામથી જતા હતા ત્યારે કડોદરા પોલીસે તેમની એક પંચનામામાં સહી કરાવેલી.પંચનામુ શેનું હતું તેની તેમને ખબર નથી. સદર શાહેદ આંક–૩૭ થી રજૂ પંચનામામાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**(૪)** ફરિયાદપક્ષે શાહેદ નં.૩ પંચ–સુરેન્દ્રભાઈ દિતાભાઈ પલાસને આંક–૩૯ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ આશરે તેરેક વર્ષ અગાઉ તેમના કામથી જતા હતા ત્યારે કડોદરા પોલીસે તેમની એક પંચનામામાં સહી કરાવેલી.પંચનામુ શેનું હતું તેની તેમને ખબર નથી. સદર શાહેદ આંક–૪૦ થી રજૂ પંચનામામાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે

વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૫) ફરિયાદપક્ષે શાહેદ નં.૪ પંચ–ઠાકોરભાઇ બાબુભાઈ બાગલેને આંક–૪૧ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ આશરે તેરેક વર્ષ અગાઉ તેમના કામથી જતા હતા ત્યારે કડોદરા પોલીસે તેમની બે પંચનામામાં સહી કરાવેલી.પંચનામાઓ શેના હતી તેની તેમને ખબર નથી. સદર શાહેદ આંક–૪૨ થી રજૂ પંચનામામાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૬) ફરિયાદપક્ષે શાહેદ નં.૫ પંચ–કિશોર સંભાજી પાટીલને આંક–૪૩ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ આશરે તેરેક વર્ષ અગાઉ તેમના કામથી જતા હતા ત્યારે કડોદરા પોલીસે તેમની બે પંચનામામાં સહી કરાવેલી.પંચનામાો શેના હતી તેની તેમને ખબર નથી. સદર શાહેદ આંક–૪૦ અને આંક–૪૨ થી રજૂ પંચનામામાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૭) ફરિયાદપક્ષે શાહેદ નં.૬ પંચ–મિલિંદ બુધાજી પાટોલેને આંક–૪૪ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ આશરે તેરેક વર્ષ અગાઉ તેમના કામથી જતા હતા ત્યારે કડોદરા પોલીસે તેમની એક પંચનામામાં સહી કરાવેલી.પંચનામાો શેના હતી તેની તેમને ખબર નથી. સદર શાહેદ આંક–૪૫ થી રજૂ પંચનામામાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ

હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૮)ફરિયાદપક્ષે શાહેદ નં.૭ રાજીવ સુરેન્દ્ર તિવારીને આંક–૫૫ થી તપાસવામાં આવેલ છે. સાહેદને હિન્દીમાં પ્રશ્નો પુછી તેનું ગુજરાતીમાં ભાષાંતર કરી જુબાની નોધવામાં આવે છે.તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે,તેઓ સને ૨૦૧૦ ની સાલમાં સુરત હજીરા ખાતે આવેલ ઓ. એન. જી. સી. ના પ્રોડક્શન વિભાગમાં સુપ્રિન્ટેન્ડન્ટ એન્જીનિયર તરીકે ફરજ બજાવતા હતા. તે સમયે તેમના પ્લાન્ટ માંથી ટેન્કર નં. જીજે–૧૮–એક્ષ–૮૯૧૫ અને જીજે–૧૮– એટી–૮૨૫૪ મા એટીએફ (એવીએશન ટર્બાઈન ફ્યુલ) ભરીને ઓ.એન.જી.સી. જુહુ મુંબઇ ખાતે મોકલાવેલ હતા. જે બન્ને ટેન્કરોને કડોદરા જી.આઇ.ડી.સી. પો.સ્ટે. દ્વારા સીઝ કરતા બન્ને ટેન્કોરોમા રહેલ એટીએફની ગુણવત્તા અને માત્રા ચકાસવા માટે તેમની પાસે આવેલ. જે બન્ને ટેન્કરોની તપાસણી કરતા નીચે મુજબની ગુણવત્તા અને માત્રા માલુમ પડેલ.

૧. ટેન્કર નંબર જી જે ૧૮ એક્ષ ૮૯૧૫ ના કમ્પાર્ટમેન્ટ નં. ૧ મા તાપમાન ૩૬.૪ ડિ.સે. જેટલુ હતુ, માત્રામા જે પરિવર્તન હતુ તે ૧૦ લિટરનુ વધારે હતુ, આ ટેન્કરમા લોડ કરતી વખતેનુ ટેમ્પરેચર ૩૨.૬ ડી.સે. હતુ, તાપમાનનો તફાવત ૩૬.૪–૩૨.૬ = ૩.૮ ડી.સે. જેટલુ હ્તુ. તાપમાનમા અંતરનુ કારણ ૧૩.૬૮ લિટરના ઘટાડાને કારણે હતુ. જેનો કુલ તફાવત ૧૩.૬૮–૧૦.૦૦=૩.૬૮ લિટરની ઘટ આવેલ.

ત્યાર બાદ કમ્પાર્ટમેન્ટ નં. ૨ મા તાપમાન ૩૬.૬ ડિ.સે. જેટલુ હતુ, માત્રામા જે પરિવર્તન હતુ તે ૦૦ લિટરનુ હતુ, આ ટેન્કરમા લોડ કરતી વખતેનુ ટેમ્પરેચર ૩૨.૬ ડી.સે. હતુ, તાપમાનનો તફાવત ૩૬.૬–૩૨.૬ = ૪.૦ ડી.સે. જેટલુ હ્તુ. તાપમાનમા અંતરનુ કારણ ૧૪.૪૦ લિટરના ઘટાડાને કારણે હતુ. જેનો કુલ તફાવત ૧૪.૪૦–૦૦.૦૦=૧૪.૪૦ લિટરની ઘટ આવેલ.

ત્યાર બાદ કમ્પાર્ટમેન્ટ નં. ૩ મા તાપમાન ૩૬.૮ ડિ.સે. જેટલુ હતુ, માત્રામા જે પરિવર્તન હતુ તે ૪.૦૦ લિટરનું હતું, આ ટેન્કરમા લોડ કરતી વખતેનુ ટેમ્પરેચર ૩૨.૬ ડી.સે. હતુ, તાપમાનનો તફાવત ૩૬.૮–૩૨.૬ = ૪.૨ ડી.સે. જેટલુ હ્તુ. તાપમાનમા અંતરનું કારણ ૧૫.૧૨ લિટરના ઘટાડાને કારણે હતુ. જેનો કુલ તફાવત ૧૫.૧૨–૪.૦૦=૧૯.૧૨ લિટરની ઘટ આવેલ.

આમ આ ટેન્કરમાંથી ૩૭.૨૦ લિટરની ઘટ હોવાનુ માલુમ પડેલ.

૨. ટેન્કર નંબર જી જે ૧૮ એટી ૮૨૫૪ ના કમ્પાર્ટમેન્ટ નં. ૧ મા તાપમાન ૩૫.૫ ડિ.સે. જેટલુ હતુ, માત્રામા જે પરિવર્તન હતુ તે ૮ લિટરનુ વધારે હતુ, આ ટેન્કરમા લોડ

કરતી વખતેનુ ટેમ્પરેચર ૩૨.૬ ડી.સે. હતુ, તાપમાનનો તફાવત ૩૫.૫–૩૨.૬ = ૨.૯ ડી.સે. જેટલુ હતુ. તાપમાનમા અંતરનુ કારણ ૧૦.૪૪ લિટરના ઘટાડાને કારણે હતુ. જેનો કુલ તફાવત ૧૦.૪૪–૦૮.૦૦=૨.૪૪ લિટરની ઘટ આવેલ.

ત્યાર બાદ કમ્પાર્ટમેન્ટ નં. ૨ મા તાપમાન ૩૫.૦૦ ડિ.સે. જેટલુ હતુ, માત્રામા જે પરિવર્તન હતુ તે ૯ લિટરનુ વધારે હતુ, આ ટેન્કરમા લોડ કરતી વખતેનુ ટેમ્પરેચર ૩૨.૬ ડી.સે. હતુ, તાપમાનનો તફાવત ૩૫.૦૦–૩૨.૬૦ = ૨.૪૦ ડી.સે. જેટલુ હતુ. તાપમાનમા અંતરનુ કારણ ૦૮.૬૪ લિટરના ઘટાડાને કારણે હતુ. જેનો કુલ તફાવત ૦૯.૦૦–૦૮.૬૪=૦.૩૬ લિટરની ઘટ આવેલ.

ત્યાર બાદ કમ્પાર્ટમેન્ટ નં. ૩ મા તાપમાન ૩૫.૨ ડિ.સે. જેટલુ હતુ, માત્રામા જે પરિવર્તન હતુ તે ૮ લિટરનુ વધારે હતુ, આ ટેન્કરમા લોડ કરતી વખતેનુ ટેમ્પરેચર ૩૨.૬ ડી.સે. હતુ, તાપમાનનો તફાવત ૩૫.૨–૩૨.૬ = ૨.૬ ડી.સે. જેટલુ હતુ. તાપમાનમા અંતરનુ કારણ ૦૯.૩૬ લિટરના ઘટાડાને કારણે હતુ. જેનો કુલ તફાવત ૦૯.૩૬–૦૮.૦૦=૧.૩૬ લિટરની ઘટ આવેલ.

આમ આ ટેન્કરમાંથી ૩.૪૪ લિટરની ઘટ હોવાનુ માલુમ પડેલ.

જે બન્ને ટેન્કરોના ગુણવત્તા અને માત્રાની તપાસણી કરી તેઓએ ઓ.એન.જી.સી. કંપનીનો ઓથોરિટી લેટર આપેલ જે અસલ લેટર તેમને બતાવવામા આવે છે જેમા સુપ્રિન્ટેન્ડન્ટ એન્જીનિયર તરીકે તેમની સહી છે જે એજ છે અને ચીફ એન્જીનિયર તરીકે ડી ડી પરમારની સહીં છે. જે લેટર રજુ દાખલ આંક ૫૬ આપવામા આવે છે.

સદર શાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે,તેઓ વર્ષ ૧૯૯૧ થી ઓ.એન.જી.સી. માં ફરજ બજાવે છે. તથા આ કન્ટેનર લોડ કર્યાબાદ સેમ્પલ માટે ૮ દિવસ બાદ લાવવામા આવેલ હતુ.

સવાલ – કેટલા પ્રકારના એ.ટી.એફ. આવે અને તેઓ કયા પ્રકારનુ ઉત્પાદન કરો છો?

જવાબ – તેમને ખબર નથી પરંતુ તેઓ જેટ એ૧ પ્રકારનુ ઉત્પાદન કરે છે.

સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આંક ૫૬ મા એટીએફ કયા પ્રાકરનુ હતુ તેનો ઉલ્લેખ નથી. ડ્રાઇવર આરોપીની કોઇ ઓળખ પરેડ કરાવેલ નથી. આંક ૫૬ વાળા સર્ટીફિકેટમા કન્ટેનરના કમ્પાર્ટમેન્ટના ડાયગ્રામ નુ વર્ણન નથી.આંક ૫૬ વાળા સર્ટીફિકેટમા એટીએફના કોઇ કલરનો ઉલ્લેખ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓ ફક્ત અને ફક્ત એટીએફની માત્રા જણાવવાની હતી ગુણવત્તા બાબતે કેમેસ્ટ્રી લેબોરેટરીમા થાય. સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ટેન્કરમાં ટેમ્પરેચરમાં વધઘટ થાય તો

માત્રામાં પણ વધઘટ થઇ શકે. એ વાત ખરી છે કે ટેન્કર ફાસ્ટ ચલાવવાના કારણે ટેન્કરમા રહેલ એટીએફનુ અસ્થિરપણાને કારણે વધઘટ આવી શકે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ટેન્કરને તેઓ પહેલા સ્થિર જગ્યા મુકી પછીજ માપણી કરે છે. ટેન્કર ગતિશીલ ન હતુ તે બાબતનો શેરો આંક ૫૬ મા તેમણે કરેલ નથી. તેમની પાસે ટેન્કર પોલિસ વાળા લઇને આવેલા. સાહેદ એ હકીકતનો ઇનકાર કરે છે કે, ફરિયાદીની ફરિયાદને સમર્થન આપવા તેઓ ખોટી જુબાની આપે છે.

(૯)ફરિયાદપક્ષે શાહેદ નં.૮ દિલિપકુમાર ધનજીભાઇ પરમારને આંક-૫૭ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે,તેઓ સને ૨૦૧૦ ની સાલમાં સુરત હજીરા ખાતે આવેલ ઓ. એન. જી. સી. ના પ્રોડક્શન વિભાગમાં ચીફ એન્જીનિયર તરીકે ફરજ બજાવતા હતા. તે સમયે તેમના પ્લાન્ટ માંથી ટેન્કર નં. જીજે- ૧૮-એક્ષ-૮૯૧૫ અને જીજે-૧૮- એટી-૮૨૫૪ મા એટીએફ (એવીએશન ટર્બાઇન ફ્યુલ) ભરીને ઓ.એન.જી.સી. જુહુ મુંબઇ ખાતે મોકલાવેલ હતા. જે બન્ને ટેન્કરોને કડોદરા જી.આઇ.ડી.સી. પો.સ્ટે. દ્વારા સીઝ કરતા બન્ને ટેન્કોરોમા રહેલ એટીએફની ગુણવત્તા અને માત્રા ચકાસવા માટે તેમની પાસે આવેલ. જે બન્ને ટેન્કરોની તપાસણી કરતા નીચે મુજબની ગુણવત્તા અને માત્રા માલુમ પડેલ.

૧. ટેન્કર નંબર જી જે ૧૮ એક્ષ ૮૯૧૫ ના કમ્પાર્ટમેન્ટ નં. ૧ મા તાપમાન ૩૬.૪ ડિ.સે. જેટલુ હતુ, માત્રામા જે પરિવર્તન હતુ તે ૧૦ લિટરનુ વધારે હતુ, આ ટેન્કરમા લોડ કરતી વખતેનુ ટેમ્પરેચર ૩૨.૬ ડી.સે. હતુ, તાપમાનનો તફાવત ૩૬.૪-૩૨.૬ = ૩.૮ ડી.સે. જેટલુ હ્તુ. તાપમાનમા અંતરનુ કારણ ૧૩.૬૮ લિટરના ઘટાડાને કારણે હતુ. જેનો કુલ તફાવત ૧૩.૬૮-૧૦.૦૦=૩.૬૮ લિટરની ઘટ આવેલ.

ત્યાર બાદ ક્મ્પાર્ટમેન્ટ નં. ૨ મા તાપમાન ૩૬.૬ ડિ.સે. જેટલુ હતુ, માત્રામા જે પરિવર્તન હતુ તે ૦૦ લિટરનુ હતુ, આ ટેન્કરમા લોડ કરતી વખતેનુ ટેમ્પરેચર ૩૨.૬ ડી.સે. હતુ, તાપમાનનો તફાવત ૩૬.૬-૩૨.૬ = ૪.૦ ડી.સે. જેટલુ હ્તુ. તાપમાનમા અંતરનુ કારણ ૧૪.૪૦ લિટરના ઘટાડાને કારણે હતુ. જેનો કુલ તફાવત ૧૪.૪૦-૦૦.૦૦=૧૪.૪૦ લિટરની ઘટ આવેલ.

ત્યાર બાદ ક્મ્પાર્ટમેન્ટ નં. ૩ મા તાપમાન ૩૬.૮ ડિ.સે. જેટલુ હતુ, માત્રામા જે પરિવર્તન હતુ તે ૪.૦૦ લિટરનું હતું, આ ટેન્કરમા લોડ કરતી વખતેનુ ટેમ્પરેચર ૩૨.૬ ડી.સે. હતુ, તાપમાનનો તફાવત ૩૬.૮-૩૨.૬ = ૪.૨ ડી.સે. જેટલુ હ્તુ. તાપમાનમા અંતરનું કારણ ૧૫.૧૨ લિટરના ઘટાડાને કારણે હતુ. જેનો કુલ તફાવત ૧૫.૧૨-

૪.૦૦=૧૯.૧૨ લિટરની ઘટ આવેલ.

આમ આ ટેન્કરમાંથી ૩૭.૨૦ લિટરની ઘટ હોવાનુ માલુમ પડેલ.

૨. ટેન્કર નંબર જી જે ૧૮ એટી ૮૨૫૪ ના કમ્પાર્ટમેન્ટ નં. ૧ મા તાપમાન ૩૫.૫ ડિ.સે. જેટલુ હતુ, માત્રામા જે પરિવર્તન હતુ તે ૮ લિટરનુ વધારે હતુ, આ ટેન્કરમા લોડ કરતી વખતેનુ ટેમ્પરેચર ૩૨.૬ ડી.સે. હતુ, તાપમાનનો તફાવત ૩૫.૫–૩૨.૬ = ૨.૯ ડી.સે. જેટલુ હતુ. તાપમાનમા અંતરનુ કારણ ૧૦.૪૪ લિટરના ઘટાડાને કારણે હતુ. જેનો કુલ તફાવત ૧૦.૪૪–૦૮.૦૦=૨.૪૪ લિટરની ઘટ આવેલ.

ત્યાર બાદ કમ્પાર્ટમેન્ટ નં. ૨ મા તાપમાન ૩૫.૦૦ ડિ.સે. જેટલુ હતુ, માત્રામા જે પરિવર્તન હતુ તે ૯ લિટરનુ વધારે હતુ, આ ટેન્કરમા લોડ કરતી વખતેનુ ટેમ્પરેચર ૩૨.૬ ડી.સે. હતુ, તાપમાનનો તફાવત ૩૫.૦૦–૩૨.૬૦ = ૨.૪૦ ડી.સે. જેટલુ હતુ. તાપમાનમા અંતરનુ કારણ ૦૮.૬૪ લિટરના ઘટાડાને કારણે હતુ. જેનો કુલ તફાવત ૦૯.૦૦–૦૮.૬૪=૦.૩૬ લિટરની ઘટ આવેલ.

ત્યાર બાદ કમ્પાર્ટમેન્ટ નં. ૩ મા તાપમાન ૩૫.૨ ડિ.સે. જેટલુ હતુ, માત્રામા જે પરિવર્તન હતુ તે ૮ લિટરનુ વધારે હતુ, આ ટેન્કરમા લોડ કરતી વખતેનુ ટેમ્પરેચર ૩૨.૬ ડી.સે. હતુ, તાપમાનનો તફાવત ૩૫.૨–૩૨.૬ = ૨.૬ ડી.સે. જેટલુ હતુ. તાપમાનમા અંતરનુ કારણ ૦૯.૩૬ લિટરના ઘટાડાને કારણે હતુ. જેનો કુલ તફાવત ૦૯.૩૬–૦૮.૦૦=૧.૩૬ લિટરની ઘટ આવેલ.

આમ આ ટેન્કરમાંથી ૩.૪૪ લિટરની ઘટ હોવાનુ માલુમ પડેલ.

જે બન્ને ટેન્કરોના ગુણવત્તા અને માત્રાની તપાસણી કરી તેઓએ ઓ.એન.જી.સી. કંપનીનો ઓથોરિટી લેટર આપેલ જે અસલ લેટર તેમને બતાવવામા આવે છે જેમા સુપ્રિન્ટેન્ડન્ટ એન્જીનિયર તરીકે તેમની સહી છે જે એજ છે અને ચીફ એન્જીનિયર તરીકે તેમની સહી છે. અને સુપ્રિન્ટેન્ડન્ટ એન્જીનિયર તરીકે રાજીવ તિવારીના સહી છે.જે લેટર રજુ દાખલ આંક –૫૬ આપવામા આવે છે.

સદર શાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે,તેઓ વર્ષ ૧૯૯૧ થી ઓ.એન.જી.સી. માં ફરજ બજાવે છે. તથા આ કન્ટેનર લોડ કર્યાબાદ સેમ્પલ માટે ૮ દિવસ બાદ લાવવામા આવેલ હતુ.

સવાલ – કેટલા પ્રકારના એ.ટી.એફ. આવે અને તેઓ કયા પ્રકારનુ ઉત્પાદન કરો છો?

જવાબ – તેમને ખબર નથી પરંતુ તેઓ જેટ એ૧ પ્રકારનુ ઉત્પાદન કરે છે.

સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આંક ૫૬ મા એટીએફ કયા પ્રાકરનુ હતુ

તેનો ઉલ્લેખ નથી. ડ્રાઈવર આરોપીની કોઇ ઓળખ પરેડ કરાવેલ નથી.  આંક ૫૬ વાળા સર્ટીફિકેટમા કન્ટેનરના કમ્પાર્ટમેન્ટના ડાયગ્રામ નુ વર્ણન નથી.આંક ૫૬ વાળા સર્ટીફિકેટમા એટીએફના કોઇ કલરનો ઉલ્લેખ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓ ફક્ત અને ફક્ત એટીએફની માત્રા જણાવવાની હતી ગુણવત્તા બાબતે કેમેસ્ટ્રી લેબોરેટરીમા થાય. સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ટેન્કરમાં ટેમ્પરેચરમાં વધઘટ થાય તો માત્રામાં પણ વધઘટ થઇ શકે. એ વાત ખરી છે કે ટેન્કર ફાસ્ટ ચલાવવાના કારણે ટેન્કરમા રહેલ એટીએફનુ અસ્થિરપણાને કારણે વધઘટ આવી શકે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ટેન્કરને તેઓ પહેલા સ્થિર જગ્યા મુકી પછીજ માપણી કરે છે. ટેન્કર ગતિશીલ ન હતુ તે બાબતનો શેરો આંક ૫૬ મા તેમણે કરેલ નથી. તેમની પાસે ટેન્કર પોલિસ વાળા લઇને આવેલા. સાહેદ એ હકીકતનો ઇનકાર કરે છે કે, ફરિયાદીની ફરિયાદને સમર્થન આપવા તેઓ ખોટી જુબાની આપે છે.

(૧૦)ફરિયાદપક્ષે શાહેદ નં.૯ દિપકસિંહ બાપુસિંહ બારીયાને  આંક–૫૯ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ સને ૨૦૧૦ ની સાલમા ગુજરાત ગાંધીનગરની વિજિલન્સ સ્ક્વોર્ડમા અપોકો તરીકે તેમની ફરજ બજાવતા હતા. તા. ૨૪/૦૯/૨૦૧૦ ના રોજ તેઓ બધા વિજીલન્સ સ્ટાફના માણસો કડોદરા વિસ્તારમા પેટ્રોલીંગમા હતા ત્યારે અ.હે.કો ખોડાભાઇ તેજાભાઇ નાઓને ખાનગી રાહે બાતમી મળેલ કે કડોદરા પુનમ હોટલની પાછળ પ્રદિપભાઇ ગોટીના ઓ ટેન્કરોના ડ્રાઇવર તથા કિલનરોના મેળાપીપણામા ટેન્કરોમાથી પ્રવાહી કેમિકલનો જથ્થો કાઢી લઇ જરૂરીયાતમંદ ઇસમોને વેચાણ કરી આર્થિક લાભ મેળવે છે. જે બાતમી આધારે કલાક ૧૬/૧૫ થી ૧૬/૩૦ સુધીનુ પ્રાથમિક પંચનામુ શરૂ કરી બાતમી વાળી જગ્યાએ જતા ત્યાં એક ટેન્કર નં. જીજે ૧૮ એક્ષ ૮૯૧૫ ઉભેલ હતો. બે માણસો પાઇપ લાંબી કરી ટેન્કરમા નાખેલ હોય અને નીચે બેરલના કારબાઓ પડેલા હતા. આ જગ્યાએ જઇ આ બન્ને ઇસમોને પકડી પાડેલા. ત્યા જોતા બીજા ૧૪ નંગ બેરલો ભરેલા હતા અને ૫ ખાલી પડેલા હતા. એ સમય દરમિયાન બીજુ એક ટેન્કર નં. જીજે ૧૮ એ ટી ૮૨૫૪ ત્યાં આવેલ હતુ. પકડેલ ઇસમોનુ પંચો રૂબરૂ નામ પુછતા પોતાનુ નામ ભુરસિંગ રાજપુત , બીજા ટેન્કરના ડ્રાઇવરનુ નામ મેઘસિંગ રાજપુત અને કિલનરે પોતાનુ નામ પુનમસિંગ રાજપુત હોવાનુ જણાવેલ. આ ઇસમો પાસેથી આધાર પુરાવો માગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ જેથી આ તમામ મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે કરી તેનુ વિગત વારનુ પંચનામુ પંચો રૂબરૂ કરી લીધેલ. આ આરોપીઓને સીઆરપીસી કલમ ૪૧(૧)ડી

મુજબની કાર્યાવાહી કરી તમામ કાગળો કરી લઇ કડોદરા જીઆઇડીસી પો સ્ટે ને રીપોર્ટ કરેલો. જે અસલ રીપોર્ટ તેમને બતાવવામા આવે છે જેમા વિજીલન્સ સ્કવોર્ડના અહેકો કે ટી સુમેરા ની સહીં છે જે સહી તેઓ ઓળખે છે. જે રિપોર્ટને રજુ દાખલ આંક –૬૦ આપવામા આવે છે. તેઓ આરોપીઓને ઓળખે છે.

સદર સાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકતનો ઇનકાર કરે છે કે, બનાવ પહેલા તેમને કડોદરા વિસ્તારમા જવાનુ થયેલ.

સવાલ – આ બાતમી મળી ત્યારે તેઓ ક્યાં હતા?

જવાબ – કડોદરા ઓવરબ્રીજ નીચે.

સવાલ – આ બાતમી વાળી જગ્યાથી ગુનાવાળી જગ્યાનુ અંતર કેટલુ?

જવાબ – આશરે ૧ કિ.મી.

સાહેદ એ હકીકતનો ઇનકાર કરે છે કે, આરોપી નંબર–૧ કે જગ્યા પરથી પકડાયેલ જ નથી. અને તેમણે તેમના નિવેદનમા એવુ લખેલ નથી કે આરોપી નં. ૧ સ્થળ પરથી પકડાયેલ છે. એ વાત તેમને હાલ યાદ નથી કે બનાવવાળા દિવસે પેટ્રોલીંગમા તેઓ હતા ત્યારે તેમના વાહનના ડ્રાઇવર કોણ હતા.

સવાલ – આ પેટ્રોલીંગમા નિકળો ત્યારે તેઓ શુ શુ લઇને નિકળો?

જવાબ – જરૂરી સ્ટેશનરી, શીલ કરવાના જરૂરી સાધનો વિગેરે જેવી સામગ્રી લઇને નિકળે છે.

સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને લોકોની અવરજવર વાળો વિસ્તાર છે. હોટલ પાર્કીંગમા ઘણા બધા ટેન્કરો અને ટ્રકો ઉભેલ હતા. કહેવાતા ટેન્કરોના કોઇ કાગળો તપાસેલા નહીં. આ ટેન્કરની પાઇપનુ શીલ જે તે અવસ્થામા હતુ. પંચનામાની કાર્યવાહી દરમિયાન તેઓ હાજર હતા. ટેન્કરનો કલર કયો હતો અને ટેન્કરની ઉપર શુ લખેલ હતુ તેનો કોઇ ઉલ્લેખ પંચનામામા કરેલ નથી. સાહેદ એ હકીકતનો ઇનકાર કરે છે કે આરોપી નં. ૧ પાસેથી કોઇ મુદ્દામાલ રીકવર થયેલ નથી. સાહેદ વધુમાં એ હકીકતનો પણ ઇનકાર કરે છે કે,કહેવાતા આરોપી ઉપર ખોટી રીતે સીઆરપીસી કલમ ૧૦૨ તથા ૪૧ (૧)ડી ની ખોટી કાર્યવાહી કરેલ છે.

**(૧૧)**ફરિયાદપક્ષે શાહેદ નં.૧૦ વિજયભાઇ નટવરભાઇ પટેલને આંક–૬૧ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ સને ૨૦૧૦ ની સાલમા ગુજરાત ગાંધીનગરની વિજિલન્સ સ્ક્વોર્ડમા અપોકો તરીકે તેમની ફરજ બજાવતા હતા. તા. ૨૪/૦૯/૨૦૧૦ ના રોજ તેઓ બધા વિજીલન્સ સ્ટાફના

માણસો કડોદરા વિસ્તારમા પેટ્રોલીંગમા હતા ત્યારે અ.હે.કો ખોડાભાઇ તેજાભાઇ નાઓને ખાનગી રાહે બાતમી મળેલ કે કડોદરા પુનમ હોટલની પાછળ પ્રદિપભાઇ ગોટીના ઓ ટેન્કરોના ડ્રાઇવર તથા ક્લિનરોના મેળાપીપણામા ટેન્કરોમાથી પ્રવાહી કેમિકલનો જથ્થો કાઢી લઇ જરૂરીયાતમંદ ઇસમોને વેચાણ કરી આર્થિક લાભ મેળવે છે. જે બાતમી આધારે કલાક ૧૬/૧૫ થી ૧૬/૩૦ સુધીનુ પ્રાથમિક પંચનામુ શરૂ કરી બાતમી વાળી જગ્યાએ જતા ત્યાં એક ટેન્કર નં. જીજે ૧૮ એક્ષ ૮૯૧૫ ઉભેલ હતો. બે માણસો પાઇપ લાંબી કરી ટેન્કરમા નાખેલ હોય અને નીચે બેરલના કારબાઓ પડેલા હતા. આ જગ્યાએ જઇ આ બન્ને ઇસમોને પકડી પાડેલા. ત્યા જોતા બીજા ૧૪ નંગ બેરલો ભરેલા હતા અને ૫ ખાલી પડેલા હતા. એ સમય દરમિયાન બીજુ એક ટેન્કર નં. જીજે ૧૮ એ ટી ૮૨૫૪ ત્યાં આવેલ હતુ. પકડેલ ઇસમોનુ પંચો રૂબરૂ નામ પુછતા પોતાનુ નામ ભુરસિંગ રાજપુત , બીજા ટેન્કરના ડ્રાઇવરનુ નામ મેઘસિંગ રાજપુત અને ક્લિનરે પોતાનુ નામ પુનમસિંગ રાજપુત હોવાનુ જણાવેલ. આ ઇસમો પાસેથી આધાર પુરાવો માગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ જેથી આ તમામ મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે કરી તેનુ વિગત વારનુ પંચનામુ પંચો રૂબરૂ કરી લીધેલ. આ આરોપીઓને સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબની કાર્યાવાહી કરી તમામ કાગળો કરી લઇ કડોદરા જીઆઇડીસી પો સ્ટે ને રીપોર્ટ કરેલો. જે અસલ રીપોર્ટ તેમને બતાવવામા આવે છે જેમા વિજીલન્સ સ્ક્વોર્ડના અહેકો કે ટી સુમેરા ની સહીં છે જે સહી તેઓ ઓળખે છે.

સદર સાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકતનો ઇનકાર કરે છે કે, બનાવ પહેલા તેમને કડોદરા વિસ્તારમા જવાનુ થયેલ.

સવાલ – આ બાતમી મળી ત્યારે તેઓ ક્યાં હતા?

જવાબ – કડોદરા ઓવરબ્રીજ નીચે.

સવાલ – આ બાતમી વાળી જગ્યાથી ગુનાવાળી જગ્યાનુ અંતર કેટલુ?

જવાબ – આશરે ૧ કિ.મી.

સાહેદ એ હકીકતનો ઇનકાર કરે છે કે, આરોપી નંબર–૧ કે જગ્યા પરથી પકડાયેલ જ નથી. અને તેમણે તેમના નિવેદનમા એવુ લખેલ નથી કે આરોપી નં. ૧ સ્થળ પરથી પકડાયેલ છે. એ વાત તેમને હાલ યાદ નથી કે બનાવવાળા દિવસે પેટ્રોલીંગમા તેઓ હતા ત્યારે તેમના વાહનના ડ્રાઇવર કોણ હતા.

સવાલ – આ પેટ્રોલીંગમા નિકળો ત્યારે તેઓ શું શું લઇને નિકળો?

જવાબ – જરૂરી સ્ટેશનરી, શીલ કરવાના જરૂરી સાધનો વિગેરે જેવી સામગ્રી લઇને

નિકળે છે.

સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને લોકોની અવરજવર વાળો વિસ્તાર છે. હોટલ પાર્કીંગમા ઘણા બધા ટેન્કરો અને ટ્રકો ઉભેલ હતા. કહેવાતા ટેન્કરોના કોઇ કાગળો તપાસેલા નહીં. આ ટેન્કરની પાઇપનુ શીલ જે તે અવસ્થામા હતુ. પંચનામાની કાર્યવાહી દરમિયાન તેઓ હાજર હતા. ટેન્કરનો કલર કયો હતો અને ટેન્કરની ઉપર શુ લખેલ હતુ તેનો કોઇ ઉલ્લેખ પંચનામામા કરેલ નથી. સાહેદ એ હકીકતનો ઇનકાર કરે છે કે આરોપી નં. ૧ પાસેથી કોઇ મુદ્દામાલ રીકવર થયેલ નથી. સાહેદ વધુમાં એ હકીકતનો પણ ઇનકાર કરે છે કે,કહેવાતા આરોપી ઉપર ખોટી રીતે સીઆરપીસી કલમ ૧૦૨ તથા ૪૧ (૧)ડી ની ખોટી કાર્યવાહી કરેલ છે.

**(૧૨)**ફરિયાદપક્ષે શાહેદ નં.૧૧ વારીશ અહેમદ ગુલામ સાદીક મલેકને આંક-૬૨ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ સને ૨૦૧૦ ની સાલમા ગુજરાત ગાંધીનગરની વિજિલન્સ સ્કવોર્ડમા અપોકો તરીકે તેમની ફરજ બજાવતા હતા. તા. ૨૪/૦૯/૨૦૧૦ ના રોજ તેઓ બધા વિજીલન્સ સ્ટાફના માણસો કડોદરા વિસ્તારમા પેટ્રોલીંગમા હતા ત્યારે અ.હે.કો ખોડાભાઇ તેજાભાઇ નાઓને ખાનગી રાહે બાતમી મળેલ કે કડોદરા પુનમ હોટલની પાછળ પ્રદિપભાઇ ગોટીના ઓ ટેન્કરોના ડ્રાઇવર તથા કિલનરોના મેળાપીપણામા ટેન્કરોમાથી પ્રવાહી કેમિકલનો જથ્થો કાઢી લઇ જરૂરીયાતમંદ ઇસમોને વેચાણ કરી આર્થિક લાભ મેળવે છે. જે બાતમી આધારે કલાક ૧૬/૧૫ થી ૧૬/૩૦ સુધીનુ પ્રાથમિક પંચનામુ શરૂ કરી બાતમી વાળી જગ્યાએ જતા ત્યાં એક ટેન્કર નં. જીજે ૧૮ એક્ષ ૮૯૧૫ ઉભેલ હતો. બે માણસો પાઇપ લાંબી કરી ટેન્કરમા નાખેલ હોય અને નીચે બેરલના કારબાઓ પડેલા હતા. આ જગ્યાએ જઇ આ બન્ને ઇસમોને પકડી પાડેલા. ત્યા જોતા બીજા ૧૪ નંગ બેરલો ભરેલા હતા અને ૫ ખાલી પડેલા હતા. એ સમય દરમિયાન બીજુ એક ટેન્કર નં. જીજે ૧૮ એ ટી ૮૨૫૪ ત્યાં આવેલ હતુ. પકડેલ ઇસમોનુ પંચો રૂબરૂ નામ પુછતા પોતાનુ નામ ભુરસિંગ રાજપુત , બીજા ટેન્કરના ડ્રાઇવરનુ નામ મેઘસિંગ રાજપુત અને કિલનરે પોતાનુ નામ પુનમસિંગ રાજપુત હોવાનુ જણાવેલ. આ ઇસમો પાસેથી આધાર પુરાવો માગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ જેથી આ તમામ મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે કરી તેનુ વિગત વારનુ પંચનામુ પંચો રૂબરૂ કરી લીધેલ. આ આરોપીઓને સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબની કાર્યાવાહી કરી તમામ કાગળો કરી લઇ કડોદરા જીઆઇડીસી પો સ્ટે ને રીપોર્ટ કરેલો. જે અસલ રીપોર્ટ તેમને બતાવવામા આવે છે જેમા વિજીલન્સ સ્કવોર્ડના અહેકો કે ટી

સુમેરા ની સહીં છે જે સહી તેઓ ઓળખે છે.

સદર સાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકતનો ઇનકાર કરે છે કે, બનાવ પહેલા તેમને કડોદરા વિસ્તારમાં જવાનું થયેલ.

સવાલ – આ બાતમી મળી ત્યારે તેઓ ક્યાં હતા?

જવાબ – કડોદરા ઓવરબ્રીજ નીચે.

સવાલ – આ બાતમી વાળી જગ્યાથી ગુનાવાળી જગ્યાનુ અંતર કેટલુ?

જવાબ – આશરે ૧ કિ.મી.

સાહેદ એ હકીકતનો ઇનકાર કરે છે કે, આરોપી નંબર–૧ કે જગ્યા પરથી પકડાયેલ જ નથી. અને તેમણે તેમના નિવેદનમા એવુ લખેલ નથી કે આરોપી નં. ૧ સ્થળ પરથી પકડાયેલ છે. એ વાત તેમને હાલ યાદ નથી કે બનાવવાળા દિવસે પેટ્રોલીંગમા તેઓ હતા ત્યારે તેમના વાહનના ડ્રાઇવર કોણ હતા.

સવાલ – આ પેટ્રોલીંગમા નિકળો ત્યારે તેઓ શું શું લઇને નિકળો?

જવાબ – જરૂરી સ્ટેશનરી, શીલ કરવાના જરૂરી સાધનો વિગેરે જેવી સામગ્રી લઇને નિકળે છે.

સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને લોકોની અવરજવર વાળો વિસ્તાર છે. હોટલ પાર્કીંગમા ઘણા બધા ટેન્કરો અને ટ્રકો ઉભેલ હતા. કહેવાતા ટેન્કરોના કોઇ કાગળો તપાસેલા નહીં. આ ટેન્કરની પાઇપનુ શીલ જે તે અવસ્થામા હતુ. પંચનામાની કાર્યવાહી દરમિયાન તેઓ હાજર હતા. ટેન્કરનો કલર કયો હતો અને ટેન્કરની ઉપર શુ લખેલ હતુ તેનો કોઇ ઉલ્લેખ પંચનામામા કરેલ નથી. સાહેદ એ હકીકતનો ઇનકાર કરે છે કે આરોપી નં. ૧ પાસેથી કોઇ મુદ્દામાલ રીકવર થયેલ નથી. સાહેદ વધુમાં એ હકીકતનો પણ ઇનકાર કરે છે કે,કહેવાતા આરોપી ઉપર ખોટી રીતે સીઆરપીસી કલમ ૧૦૨ તથા ૪૧ (૧)ડી ની ખોટી કાર્યવાહી કરેલ છે.

**(૧૩)**ફરિયાદપક્ષે શાહેદ નં.૧૨ ખોડાભાઇ તેજાભાઇ સુમેરાને આંક–૭૬ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ સને ૨૦૧૦ ની સાલમા ગુજરાત ગાંધીનગરની વિજિલન્સ સ્ક્વોર્ડમા અપોકો તરીકે તેમની ફરજ બજાવતા હતા. તા. ૨૪/૦૯/૨૦૧૦ ના રોજ તેઓ બધા વિજીલન્સ સ્ટાફના માણસો કડોદરા વિસ્તારમા પેટ્રોલીંગમા હતા ત્યારે અ.હે.કો ખોડાભાઇ તેજાભાઇ નાઓને ખાનગી રાહે બાતમી મળેલ કે કડોદરા પુનમ હોટલની પાછળ પ્રદિપભાઇ ગોટીના ઓ ટેન્કરોના ડ્રાઇવર તથા કિલનરોના મેળાપીપણામા ટેન્કરોમાથી પ્રવાહી કેમિકલનો જથ્થો કાઢી લઇ

જરૂરીયાતમંદ ઇસમોને વેચાણ કરી આર્થિક લાભ મેળવે છે. જે બાતમી આધારે કલાક ૧૬/૧૫ થી ૧૬/૩૦ સુધીનુ પ્રાથમિક પંચનામુ શરૂ કરી બાતમી વાળી જગ્યાએ જતા ત્યાં એક ટેન્કર નં. જીજે ૧૮ એક્ષ ૮૯૧૫ ઉભેલ હતો. બે માણસો પાઇપ લાંબી કરી ટેન્કરમા નાખેલ હોય અને નીચે બેરલના કારબાઓ પડેલા હતા. આ જગ્યાએ જઇ આ બન્ને ઇસમોને પકડી પાડેલા. ત્યા જોતા બીજા ૧૪ નંગ બેરલો ભરેલા હતા અને ૫ ખાલી પડેલા હતા. એ સમય દરમિયાન બીજુ એક ટેન્કર નં. જીજે ૧૮ એ ટી ૮૨૫૪ ત્યાં આવેલ હતુ. પકડેલ ઇસમોનુ પંચો રૂબરૂ નામ પુછતા પોતાનુ નામ ભુરસિંગ રાજપુત , બીજા ટેન્કરના ડ્રાઇવરનુ નામ મેઘસિંગ રાજપુત અને ક્લિનરે પોતાનુ નામ પુનમસિંગ રાજપુત હોવાનુ જણાવેલ. આ ઇસમો પાસેથી આધાર પુરાવો માગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ જેથી આ તમામ મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે કરી તેનુ વિગત વારનુ પંચનામુ પંચો રૂબરૂ કરી લીધેલ. આ આરોપીઓને સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબની કાર્યાવાહી કરી તમામ કાગળો કરી લઇ કડોદરા જીઆઇડીસી પો સ્ટે ને રીપોર્ટ કરેલો. જે અસલ રીપોર્ટ તેમને બતાવવામા આવે છે જેમા વિજીલન્સ સ્ક્વોર્ડના અહેકો કે.ટી. સુમેરા ની સહીં છે જે સહી તેઓ ઓળખે છે.

સદર સાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકતનો ઇનકાર કરે છે કે, બનાવ પહેલા તેમને કડોદરા વિસ્તારમાં જવાનું થયેલ.

સવાલ – આ બાતમી મળી ત્યારે તેઓ ક્યાં હતા?

જવાબ – કડોદરા ઓવરબ્રીજ નીચે.

સવાલ – આ બાતમી વાળી જગ્યાથી ગુનાવાળી જગ્યાનુ અંતર કેટલુ?

જવાબ – આશરે ૧ કિ.મી.

સાહેદ એ હકીકતનો ઇનકાર કરે છે કે, આરોપી નંબર–૧ કે જગ્યા પરથી પકડાયેલ જ નથી. અને તેમણે તેમના નિવેદનમા એવુ લખેલ નથી કે આરોપી નં. ૧ સ્થળ પરથી પકડાયેલ છે. એ વાત તેમને હાલ યાદ નથી કે બનાવવાળા દિવસે પેટ્રોલીંગમા તેઓ હતા ત્યારે તેમના વાહનના ડ્રાઇવર કોણ હતા.

સવાલ – આ પેટ્રોલીંગમા નિકળો ત્યારે તેઓ શું શું લઇને નિકળો?

જવાબ – જરૂરી સ્ટેશનરી, શીલ કરવાના જરૂરી સાધનો વિગેરે જેવી સામગ્રી લઇને નિકળે છે.

સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને લોકોની અવરજવર વાળો વિસ્તાર છે. હોટલ પાર્કીંગમા ઘણા બધા ટેન્કરો અને ટ્રકો ઉભેલ હતા.

કહેવાતા ટેન્કરોના કોઈ કાગળો તપાસેલા નહીં. આ ટેન્કરની પાઈપનુ શીલ જે તે અવસ્થામા હતુ. પંચનામાની કાર્યવાહી દરમિયાન તેઓ હાજર હતા. ટેન્કરનો કલર કયો હતો અને ટેન્કરની ઉપર શુ લખેલ હતુ તેનો કોઈ ઉલ્લેખ પંચનામામા કરેલ નથી. સાહેદ એ હકીકતનો ઈનકાર કરે છે કે આરોપી નં. ૧ પાસેથી કોઈ મુદ્દામાલ રીકવર થયેલ નથી. સાહેદ વધુમાં એ હકીકતનો પણ ઈનકાર કરે છે કે,કહેવાતા આરોપી ઉપર ખોટી રીતે સીઆરપીસી કલમ ૧૦૨ તથા ૪૧ (૧)ડી ની ખોટી કાર્યવાહી કરેલ છે.

**(૧૪)**ફરિયાદપક્ષે શાહેદ નં.૧૩ જશપાલસિંગ સુવર્ણસીંગ બાગલને આંક–૭૭ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે,બનાવ આશરે ૧૫ વર્ષ અગાઉ બનેલો. એ સમયે તેઓ ટ્રક ડાઈવિંગનું કામ કરતાં હોવાથી કડોદરા પોલીસ સ્ટેશનમાં કોઈ ગુનાના કામે બે ટેન્કરો પકડેલ હતા. આ બંને ટેન્કરો ઓનજીસી હજીરા ખાતે ચેકીંગ માટે લઈ જવાના હોવાથી તેમને અને મનજીતસિંગ સૈનીને ડ્રાઈવર તરીકે બોલાવેલા. જેથી તેઓ બંને જણા આ ટેન્કરો ઓએનજીસી હજીરા ખાતે લઈ જઈ કંપનીના સાહેબને આપી દીધેલ. પછી આ ટેન્કરોનું શું કરેલું તેની તેમને ખબર નથી. બનાવ અંગે પોલીસે તેમનો જવાબ લીધેલો.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**(૧૫)**ફરિયાદપક્ષે શાહેદ નં.૧૪ મનજીતસિંગ પ્રિતમસિંગ સૈનીને આંક–૭૮ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે,બનાવ આશરે ૧૫ વર્ષ અગાઉ બનેલો. એ સમયે તેઓ ટ્રક ડાઈવિંગનું કામ કરતાં હોવાથી કડોદરા પોલીસ સ્ટેશનમાં કોઈ ગુનાના કામે બે ટેન્કરો પકડેલ હતા. આ બંને ટેન્કરો ઓનજીસી હજીરા ખાતે ચેકીંગ માટે લઈ જવાના હોવાથી તેમને અને જશપાલસિંગ બાગલને ડ્રાઈવર તરીકે બોલાવેલા. જેથી તેઓ બંને જણા આ ટેન્કરો ઓએનજીસી હજીરા ખાતે લઈ જઈ કંપનીના સાહેબને આપી દીધેલ. પછી આ ટેન્કરોનું શું કરેલું તેની તેમને ખબર નથી. બનાવ અંગે પોલીસે તેમનો જવાબ લીધેલો.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી

કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**(૧૬)**ફરિયાદપક્ષે શાહેદ નં.૧૫ ફરીયાદી/ ત.ક.અ. –હસમુખભાઈ કરશનભાઈ ભરવાડને આંક–૮૫ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે,તેઓ સને ૨૦૧૦ ની સાલમાં કડોદરા જીઆઇડીસી પો.સ્ટેમાં પો.સ.ઈ તરીકે તેમની ફરજ બજાવતા હતા.તે સમયે વિજીલન્સ સ્કોર્ડ ગાંધીનગરનાઓએ બાતમી આધારે કડોદરા પુનમ હોટલ પાછળ કેટલાક ઈસમો પ્રવાહી કેમિકલ ટેન્કરોના ડ્રાઈવર કિલનરોના મેળાપિપણામાં કેમિકલનો જથ્થો કાઢી લઈ જરૂરીયાતમંદ ઈસમોને વેચાણ કરતા હોવાના આધારે રેડ કરતા મુદ્દામાલ ટેન્કરો સાથે ઈસમોને પકડી લઈ આ મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે કરેલ તથા ડ્રાઈવર કિલનરોને સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી આ અંગેની કાર્યવાહી કરવા બાબતનો રીપોર્ટ કડોદરા જીઆઇડીસી પોસ્ટે ને કરેલો. જે આધારે પીએસઓ એ કડોદરા જીઆઇડીસી પોસ્ટે સ્ટે. ડા. એન્ટ્રી નંબર ૧૭/૨૦૧૦ થી જાણવા જોગની સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલી. જે વિજીલન્સનો રિપોર્ટ તથા સ્ટે. ડા. એન્ટ્રી નં. ૧૭/૨૦૧૦ નો ઉતારો જેને રજુ દાખલ આંક –૮૬ અને આંક–૮૭ આપવામાં આવે છે. આ કામે આ જાણવા જોગ એન્ટ્રી આધારે પકડાયેલ ઈસમોની પુછપરછ કરતા પ્રવાહી કેમિકલ કઢાવનાર પ્રદિપભાઈ પ્રતાપલાલ બોલીવાલા નાઓ ટેન્કરના ડ્રાઈવર, કિલનરોના મેળાપીપણામાં આ પ્રવાહી કેમિક્લનો જથ્થો ટેન્કરમાથી કાઢી લઈ વેચાણ કરતા હોવાનુ જણાવેલ. જે બાબતે તેઓએ ડ્રાઈવર કિલનરોને સાથે રાખી આ પ્રદીપ બોલીવાલાના ખુલ્લા પ્લોટમાં પાકી ઓરડીમાં જઈ તપાસ કરતા ત્યાંથી પ્રવાહી કેમિકલના મોટા બેરલો નંગ ૧૫ મળી આવેલ. જેમાંથી ૧૪ નંગ ભરેલા હતા અને ૧ નંગ ખાલી હતો. ભરેલા બેરલોમાં ૨૦૦ લિટર પ્રવાહી કેમિકલ મળી આવેલ. જે બાબતે પાસપરમીટ માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ. જેથી તેમણે આ પ્રવાહી કેમિકલના ભરેલા બેરલ નંગ ૧૪ માપ્યા હેન્ડલ પંપ, પ્લાસ્ટીકની પાઈપ, મોબાઈલ તથા રોકડ રૂ. ૩,૩૦૦/– મળીને કુલ્લે રૂ. ૧૫,૮૮,૨૦૦/– નો મુદ્દામાલ પંચો રૂબરૂ પંચનામાની વિગત તપાસ અર્થે કબજે લીધેલ. જે બાબતે તેમણે સરકાર તરફે ફરિયાદ કરેલી. તેમને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે જેમાં તેમની સહી ઓળખી બતાવે છે. જે ફરિયાદને રજુ દાખલ આંક–૮૮ આપવામાં આવે છે.

ત્યારબાદ તેમના પી.એસ.ઓ.એ આ ફરિયાદને કડોદરા જીઆઈડીસી ફર્સ્ટ ગુ.ર.નં. ૬૯/૨૦૧૦ થી ગુનો દાખલ કરતા તેઓએ પોતે આ ગુનાની તપાસ

સંભાળી લીધેલ. તેમણે તેમની  તપાસમાં આ કામે પકડાયેલ આરોપીઓનુ શરીર સ્થિતિનુ પંચનામુ, ડિસ્કવરી પંચનામુ તથા બન્ને ટેન્કરોમાં રહેલ એટીએફ કેમિકલનુ ઓ.એન. જી. સી. હજીરા ખાતે તપાસણી સારૂ લઈ ગયેલાનુ પંચનામુ કરેલ. જેમાં, પંચોએ તેમની રૂબરૂમાં સહીંઓ કરેલી અને રૂબરૂપણામા તેમણે સહીં કરેલી. ત્યારબાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલા. તેમની તપાસમાં ટેન્કરોને ઓએનજીસી ખાતે લઈ જતા આ ટેન્કરોમાં ભરેલ પ્રવાહી કેમિકલની ઘટ હોવાનુ તપાસમાં ખુલેલ. આ ચાલુ તપાસ દરમિયાન તેમણે નામદાર કોર્ટમા આવશ્યક ચીજવસ્તુ ૧૯૮૧ ની કલમ ૩ તથા ૧૯૯૫ ની કલમ ૩, ૭, ૧૧ મુજબનો ગુનો બનતો હોવાનુ જણાતા નામદાર કોર્ટમા કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલો. ત્યારબાદ તેમણે તા. ૦૮/૧૨/૨૦૧૦ ના રોજ પલસાણાના એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબને આ ગુનો આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળનો ગુનો બનતો હોવાથી તેઓ તરફથી યોગ્ય કાર્યવાહી કરવા બાબતનો રિપોર્ટ કરેલો. જેમાં એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ પલસાણાનાઓએ એવો રિપોર્ટ કરેલ કે તમારા તરફથી ટેન્કરો સાથેનો પ્રવાહીનો જથ્થો કબજે લેવામા આવેલ હતો અને જે બાબતે કડોદરા જીઆઈડીસી પોસ્ટેમા ગુનો દાખલ કરી નામદાર કોર્ટમાં કેસ દાખલ કરેલાનુ જણાઈ આવતા હાલ આ કેસ નામદાર કોર્ટમા પેન્ડીંગ હોય જેથી અત્રેથી કોઈ કાર્યવાહી થઈ શકે તેમ નથી એવો રિપોર્ટ કરેલ. જે બન્ને રિપોર્ટો તેઓ રજુ કરે છે જે રિપોર્ટોને રજુ દાખલ આંક–૮૯ અને આંક–૯૦ આપવામાં આવે છે. ત્યાર બાદ તેમણે આ પ્રવાહી કેમિકલનો જથ્થો એફ.એસ.એલ ખાતે તપાસણી સારૂ મોકલેલ. એફ.એસ.એલ. માં આ પ્રવાહી કેમિકલની તપાસ કરતા આ કેમિકલ એવીએશન ટર્બાઈન ફ્યુઅલ્સ કેરોસીન ટાઈપ જેટ એ–૧ હોવાનુ રિપોર્ટમાં આવેલ. જે એફ.એસ.એલ. નો રીપોર્ટ તેઓ રજુ કરે છે.જેને રજુ દાખલ આંક –૯૧ આપવામાં આવે છે. આ કામના આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતા તેમણે ચાર્જશીટ કરેલુ. તેઓ આરોપીઓને ઓળખે છે.

સદર સાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર  કરે છે કે, આ કામે ફરિયાદી તથા આઈ. ઓ.તેઓ પોતે જ છે.  ઓઈલ બાબતે ઓએનજીસી એટલે કે મુળ માલિકને જાણ કરેલ નહીં. સાહેદ એ હકીકતનો ઈનકાર કરે છે કે, બનાવવાળી જગ્યા ખુલ્લી જગ્યા છે અને કોઈપણ વ્યક્તિ ત્યાંથી અવર જવર કરી શકે છે. સાહેદ એ હકીકતને સ્વીકાર કરે છે કે, આ બનાવ વાળી જગ્યાની આજુબાજુ ઘરો આવેલા છે.  અડોશપડોશના સ્વતંત્ર સાહેદોના નિવેદનો તેમણે લીધેલ નથી.ટેન્કર ફરિયાદ આપ્યા બાદ ૮ દિવસ બાદ

ફ્યુઅલ ચેકીંગ માટે મોકલવામા આવેલ. સાહેદ એ હકીકતનો ઈનકાર કરે છે કે, ટેન્કરો કોની માલિકીના છે તે પણ હાલના કામે રજુ રાખેલ નથી. સાહેદ એ હકીકતનો ઈનકાર કરે છે કે, આ ટેન્કર કોના નામે છે તે બાબતે તેમણે કોઈ પુરાવો રજુ રાખેલ નથી. એ વાતની તેમને ખબર નથી કે ટેમ્પરેચરના કારણે જથ્થામાં વધઘટ થઈ શકે. સાહેદ એ હકીકતનો ઈનકાર કરે છે કે, પંચોના નિવેદનો તેમણે ઓફિસમાં બેસીને લખી લીધેલા કે સાહેદોના નિવેદનો તેમણે તેમની જાતે ફરિયાદને અનુરૂપ લખી લીધેલા કે આવશ્યક ચીજવસ્તુ ધારા ના કેસો કરવાની તેમને કોઈ સત્તા નથી કે આ એટીએફ આવશ્યક ચીજવસ્તુ ધારામાં આવતી નથી. સાહેદ એ હકીકતનો પણ ઈનકાર કરે છે કે, આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં ખોટી ફરિયાદ કરી ખોટો કેસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

**<u>આરોપીનું વિશેષ નિવેદન તથા બચાવપક્ષનો પુરાવો તથા દલીલો:</u>-**

(૧૭) ઉપરોક્ત પુરાવો નોંધ્યા બાદ રેકર્ડ આધારિત ફરિયાદપક્ષનો પુરાવો જોતાં આરોપીઓ સામે ગુનાહિત આક્ષેપો અંગે પ્રાથમિક પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી આરોપીઓનું બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષે દલીલો સાંભળવામાં આવેલ.

**<u>ન્યાય નિર્ણય:</u>-**

(૧૮) ફરિયાદપક્ષનો ઉપર મુજબનો પુરાવો જોઈએ તો આ કામે આરોપીઓ પાસેથી જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે અંગે આંક-૩૭,૪૦,૪૨,૪૫ નું પંચનામું કરવામાં આવેલું, પરંતુ આ પંચનામાના પંચ શાહેદો જણાવે છે કે, તેઓની તૈયાર પંચનામામાં સહી લેવામાં આવેલી અને તેઓ રૂબરૂ આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી. શાહેદો જણાવે છે કે, મુદ્દામાલ કબજે કર્યા અંગે પંચો રૂબરૂ પંચનામું કરવામાં આવેલું, પરંતુ પંચનામાની કાર્યવાહી પોતાની રૂબરૂ થઈ હોવાનું પંચ શાહેદો જણાવતા નથી. પંચ શાહેદોનો પુરાવો ધ્યાને લેતાં, તેઓ રૂબરૂ આરોપીઓ પાસેથી ટેન્કરો, કેમીકલ પ્રવાહી, બેરલ, નળી પાઈપ, હેન્ડ પંપ, મોબાઈલ, ચાંપિયા, રોકડ રૂપિયા વગેરે કબજે કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. આમ ટેન્કરો, કેમીકલ પ્રવાહી, બેરલ, નળી પાઈપ, હેન્ડ પંપ, મોબાઈલ, ચાંપિયા, રોકડ રૂપિયા વગેરે મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે, પરંતુ આ હકીકતને સ્વતંત્ર શાહેદો એવા પંચ શાહેદો સમર્થન આપતાં નથી.

(૧૯) આ કામે તપાસવામાં આપેલ અન્ય સાહેદોની જુબાનીનું  મુલ્યાંકન કરવામાં આવે તો , આંક–૫૫ અને આંક–૫૭  થી તપાસેલ સાહેદો જણાવે છે કે, ડ્રાઈવર આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી તથા તેમની પાસે ટેન્કર પોલિસ વાળા લઈને આવેલા.આંક–૫૯, આંક–૬૧, આંક–૬૨,આંક–૭૬  થી તપાસેલા સાહેદો જણાવે છે કે, હોટલ પાર્કીંગમા ઘણા બધા ટેન્કરો અને ટ્રકો ઉભેલ હતા. કહેવાતા ટેન્કરોના કોઈ કાગળો તપાસેલા નહીં.

(૨૦) તેમજ આંક–૭૭ તથા આંક–૭૮થી તપાસેલા સાહેદો કોર્ટ રૂબરૂમાં જણાવે છે કે, એ સમયે તેઓ ટ્રક ડાઈવિંગનું કામ કરતાં હોવાથી કડોદરા પોલીસ સ્ટેશનમાં કોઈ ગુનાના કામે બે ટેન્કરો પકડેલ હતા.જેથી તેઓએ તે  ટેન્કરો ઓએનજીસી હજીરા ખાતે લઈ જઈ કંપનીના સાહેબને આપી દીધેલ. બીજી કોઈ હકીકત તેઓ જણાવતા નથી.આ બંને સાહેદોને એ.પી.પી.શ્રી ધ્વારા વિમુખ સાક્ષી જાહેર કરી વિંગતવારની ઉલટતપાસ છતાંકોઈ ફળદાયી હકીકત રેકર્ડ પર આવવા પામેલ નથી.

(૨૧) સદર કામે આંક–૮૫ થી તપાસ કરનાર અમલદારે એ હકીકત કબૂલ રાખેલ છે કે, બનાવવાળી જગ્યાએ જાહેર રસ્તો હોવા છતાં આ કામે તેઓએ કોઈ અડોશપડોશના સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી કે  ઓઈલ બાબતે ઓ.એન.જી.સી એટલે કે, મુળ માલિકને જાણ કરેલ નથી. વધુમાં, હાલના કામે કહેવાતા બનાવ સ્થળની માલીકી કે કબ્જા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો કબ્જે કરવામાં આવેલ નથી, તેમજ  ટેન્કર ફરીયાદ આપ્યા બાદ ૮ દિવસ બાદ ફ્યુઅલ ચેકીંગ માટે મોકલવામાં આવેલ.આ કામે ફરીયાદી તથા ત.ક.અ. એક જ પોલીસ અમલદાર હોવાની બાબત પણ ફરીયાદ પક્ષના કેસને શંકાના દાયરામાં ઘેરે છે.

(૨૨)આ કામે તપાસવામાં આવેલ કોઈ પણ સાહેદોએ એવો કોઈ પુરાવો રેકર્ડ પર આપેલ નથી,જેનાથી સદરહુ આરોપીઓની આ ગુનામાં સંડોવણી પુરવાર થાય.વધુમાં, હાલના કામે પોલીસ દ્વારા બાતમી આધારે રેડ કરવામાં આવેલ હોવા છતા ઓ.એન.જી.સી વિભાગના કોઈ અધિકારીને જાણ કરવામાં આવેલ હોય કે રેડમાં સામેલ રાખવામાં આવેલ હોય તેમ જણાઈ આવતું નથી.આમ, ઉપરોક્ત તમામ સંજોગોમાં કેસના સંજોગો અને કેસનો પ્રકાર ધ્યાને લેતા ફક્ત પોલીસકર્મી જુબાનીને આધારે આરોપીને ગુના સાથે સાંકળવું હિતાવહ જણાતું નથી.

વધુમા હાલની ફરિયાદ ધ્યાને લેવામાં આવે તો ફરિયાદ  ધી પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ એક્ટ ૨૦૦૬ની કલમ ૬ મુજબ કોઈ સક્ષમ અધિકારીએ

ફરિયાદ દાખલ કરેલ ન હોય તેમજ પોલીસ તંત્રને કેમીકલ(એટીએફ)ની માત્રા ગુણવતા જથ્થો માપવાના કોઈ પેરામીટર કે સાધનો ન હોવા છતા કાલ્પનીક રીતે લીટરમાં જથ્થો બતાવી કબ્જે કરેલ છે ખરી હકીકતે ધી પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ એક્ટ ૨૦૦૬ની કલમ ૨૫ તથા ૨૬ મુજબ નિષ્ણાંત વ્યક્તિ દ્વારા આપવામાં આવેલ ન હોય ખુબ જ શંકાસ્પદ ફરિયાદ બની જાય છે આમ, ફરિયાદીએ આપેલ ફરિયાદ તથા તપાસ કરનાર અમલદારે કરેલી તપાસ શંકાસ્પદ અને સત્તા વિહીન બની જાય છે.

**(૨૩)** વધુમાં, ધી એસેન્સ્યલ કોમોડિટી એક્ટ ૧૯૫૫ની કલમ–૬(એ) મુજબ પોલીસ અધિકારીને મુદ્દામાલ કોન્સ્ફિકેશન કરવાની સત્તા હોય કે ધી એસેન્સ્યલ કોમોડિટી એક્ટ ૧૯૫૫ની કલમ–૫ મુજબ ફરિયાદ દાખલ કરવાની સત્તા આપવામાં આવેલ હોય તેવું રેકર્ડ પરથી ફલિત થતું નથી. હવે, આવશ્યક ચીજવસ્તુ ધારા મુજબ ફરિયાદ ધ્યાને લેવામાં આવે તો, પ્રથમ જિલ્લા કલેકટરને આવશ્યક ચીજવસ્તુ ધારા બાબતે કોઈ ફરિયાદ મળેલ હોય તેવું હાલના કેસમાં જણાઈ આવતું નથી તેમજ ફરિયાદ વંચાણે લેવામાં આવે તો ફરિયાદ આવશ્યક ચીજવસ્તુ ધારા મુજબ આપવામાં આવેલ નથી કે ફરિયાદીની જુબાનીમાં પણ કોઈ આવશ્યક ચીજવસ્તુ ધારાના કન્ટેન્ટ હોય તેવું પણ જણાઈ આવતું નથી.આમ, ફરિયાદી કે તપાસ કરનાર અમલદારને સત્તાવિહીન કેસ દાખલ કરેલાનું મારું માનવું છે.

વધુમા, સબબ ગુના ધ્યાને લેવામાં આવે તો ગેસ તથા પેટ્રોલિયમ તેમજ નેચરલ ગેસને લગતા ગુના છે જે બાબતે ધી પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ એક્ટ ૨૦૦૬ મુજબનો કાયદો લાગુ પડે. હવે, ધી પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ એક્ટ ૨૦૦૬ ની કલમ ૨૫ તથા ૨૬ ધ્યાને લેતા ફરિયાદ દાખલ કરવાની તથા ગુનામા તપાસ કરવાની સત્તા બોર્ડ દ્વારા નિમાયેલ વ્યક્તિ જ કરી શકે તેવી સ્પષ્ટ જોગવાઈ હોય તેમજ હાલના કેસમાં આવા કોઈ ધી પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ એક્ટ ૨૦૦૬ મુજબના બોર્ડના કોઈ સભ્યોએ ફરિયાદ દાખલ કરેલ હોય તેવુ ફલિત થતુ નથી જેથી હાલની ફરિયાદ ટકી શકવા પાત્ર પણ જણાતી નથી.

**(૨૪)** વળી, આ કામના ફરિયાદી અને તપાસ કરનાર અમલદાર એ પોલીસ શાહેદ હોય તેઓ ફરિયાદપક્ષના કેસને અનુરૂપ પુરાવો આપે તે સ્વાભાવિક છે, પરંતુ સ્વતંત્ર શાહેદોના પુરાવાના સમર્થનના અભાવમાં તેઓના એકમાત્ર પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં. આમ, રજૂ થયેલા પુરાવાને ધ્યાને લેતાં

આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોવાની મહત્ત્વની હકીકત પુરવાર થતી નથી ત્યારે આરોપીઓએ આક્ષેપિત ગુનાઓ કરેલ હોવાનું સાબિત થયેલ માની શકાય નહીં. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધનો પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. આથી કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી નિર્ણયઃ</u>–**

**(૧)** આ કામના તમામ આરોપીઓને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૨૪૮(૧) હેઠળ ઇ.પી.કો કલમ–૪૦૭,૧૧૪ તથા આવશ્યક ચીજવસ્તુ ધારા ૧૯૮૧ ની કલમ–૩ તથા ૧૯૯૫ ની કલમ–૩,૭,૧૧ મુજબના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** દરેક આરોપીએ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૪૩૭(ક) મુજબના રૂ.૫૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરાના) જાત મુચરકા અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** મુદ્દામાલ બાબતે જોવામાં આવેતો પોલીસે કુલ ૧૪ બેરેલ એટીએફ(કેમીકલ) કબ્જે કરેલ છે તેમજ બે ટેન્કરોમાં કેમીકલ પ્રવાહી કેમીકલ(એટીએફ) ૨૩,૦૦૦/– લીટર બાબતે હુકમ કરવો અનિવાર્ય છે જેથી સબબ કામે રેકર્ડ ધ્યાને લેતા મુદ્દામાલ કોઇ વ્યક્તિ કે એજન્સી છોડાઇ ગયેલ હોય તેવુ ચાર્જશીટ પરથી ફલીત થતુ નથી. પરંતુ જો મુદ્દામાલ કેમીકલ(એટીએફ) તેમજ ટેન્કર બાબતે વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા કેમીકલ(એટીએફ)ના મુળ માલીક, એજન્સીને સબબ મુદ્દામાલ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે જે બાબતે થાણા અમલદારશ્રી વિગતવારનું પચનામું કરી ફોટોગ્રાફ કરી યોગ્ય ઓથોરીટીને સુપ્રત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** હાલના કામે મુદ્દામાલ બેરેલ,ચાંપીયા, હેન્ડપંપ, નળી પાઇપ નો અપિલ સમય વીત્યાબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા જ્યારે મુદ્દામાલ રોકડ રૂપિયા

અપીલ સમય વીત્યે સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આ કામે કબજે કરવામાં આવેલ મોબાઈલ અંગે અગાઉ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે વિકલ્પે સદરહુ મુદ્દામાલ મોબાઈલ અંગે જરૂરી ઈન્કવાયરી કરી યોગ્ય હુકમ કરવાનું ઠરાવવામાં આવે છે.

આજરોજ તારીખઃ માહેઃ ૧૦મી માર્ચ સને ૨૦૨૬ ના રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૦/૦૩ /૨૦૨૬

મુ.પલસાણા. **(જે.જે. આહુજા)**

જ્યુડિ. મૅજિ. ફર્સ્ટ ક્લાસ, પલસાણા.

U.I.Code No.GJ01436

## -:ચુકાદાનું પરિશિષ્ટ:-

ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષી

અ. ફરિયાદપક્ષ

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૧ | જીજાબરાવ યોગરાજ પાટીલ | પંચ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૨ | અરુણભાઇ દગડુભાઇ માળી | પંચ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૩ | સુરેન્દ્રભાઇ દિતાભાઇ પલાસ | પંચ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૪ | ઠાકોરભાઇ બાબુભાઇ બાગલે | પંચ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૫ | કિશોર સંભાજી પાટીલ | પંચ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૬ | મિલિંદ બુધાજી પાટોલે | પંચ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૭ | રાજીવ સુરેન્દ્ર તિવારી | સાહેદ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૮ | દિલિપકુમાર ઘનજીભાઇ પરમાર | સાહેદ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૯ | દિપકસિંહ બાપુસિંહ બારીયા | સાહેદ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૧૦ | વિજયભાઇ નટવરભાઇ પટેલ | સાહેદ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૧૧ | વારીશ અહેમદ ગુલામ સાદીક મલેક | સાહેદ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૧૨ | ખોડાભાઇ તેજાભાઇ સુમેરા | સાહેદ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૧૩ | જશપાલસિંગ સુવર્ણસીંગ બાગલ | સાહેદ |

| | | |
|---|---|---|
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૧૪ | મનજીતસિંગ પ્રિતમસિંગ સૈની | સાહેદ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૧૫ | હસમુખભાઇ કરશનભાઇ ભરવાડ | ફરીયાદી/ત.ક.અ. |

ब. બચાવપક્ષ

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બચાવપક્ષે શાહેદ ક્રમાંક | બચાવપક્ષે કોઈ શાહેદ તપાસેલ નથી. | --- |

ક. અદાલત દ્વારા

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| અદાલત દ્વારા તપાસેલ શાહેદ ક્રમાંક | અદાલત દ્વારા પણ કોઈ શાહેદ તપાસેલ નથી. | --- |

ફરિયાદી/બચાવ/અદાલત દ્વારા રજુ દસ્તાવેજોના આંકની યાદી

અ. ફરિયાદી

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૩૭ | પંચનામું |
| ૨ | ૪૦ | પંચનામું |
| ૩ | ૪૨ | પંચનામું |
| ૪ | ૪૫ | ટેન્કર કબજે કર્યાનું પંચનામું |
| ૫ | ૫૬ | વેરીફીકેશન રીપોર્ટ |
| ૬ | ૬૦ | સ્ટેશન ડાયરીમાં નોધ |
| ૯ | ૮૬ | વિજીલન્સનો રિપોર્ટ |
| ૧૦ | ૮૭ | સ્ટે.ડા. એન્ટ્રી નં. ૧૭/૨૦૧૦ નો ઉતારો |
| ૧૧ | ૮૮ | ફરીયાદ |
| ૧૨ | ૮૯ | રિપોર્ટ |
| ૧૩ | ૯૦ | રિપોર્ટ |
| ૧૪ | ૯૧ | એફ.એલ.એલ. રિપોર્ટ |

બ. બચાવ

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | બચાવપક્ષે કોઈ પુરાવા રજુ થયેલ નથી. | – |

ક. ન્યાયાલય

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | અદાલત દ્વારા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી. | – |

ડ. ભૌતિક પદાર્થ

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૪ | કેમીકલ ભરેલ બેરેલ |
| ૨ | ૧ | ખાલી બેરેલ |
| ૩ | ૩ | ચાંપીયા |
| ૪ | ૧ | હેન્ડપંપ |
| ૫ | ૧ | ટેન્કર પાસે ભરેલ બેરેલ |
| ૬ | – | કેમીકલ પ્રવાહી |
| ૭ | ૨ | ટેન્કર |
| ૮ | ૧ | નળી પાઈપ |
| ૯ | ૩૩૦૦/– | રોકડા રૂપિયા |
| ૧૦ | ૩ | મોબાઈલ |

તા.૧૦/૦૩/૨૦૨૬ (જે.જે. આહુજા)

મુ.પલસાણા. જ્યુડિશિયલ મૅજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

પલસાણા.